

## ધાનેરામાં સ્વાઈન ફ્લુથી બચવા ઉકાળો પીવડાવાયો

ધાનેરાની રામચંદ સીવરાજ હોસ્પિટલના કંપાઉન્ડમાં સ્વાઈન ફ્લુથી બચવા માટે અનેક દેશી ઔષધિઓ દ્વારા તૈયાર કરાયેલા ઉકાળો લોકોને પીવડાવવામાં આવ્યો હતો. આ ઉકાળો પીવા લોકોએ મોટી સંખ્યામાં ભીડ જમાવી હતી. (તસવીર : ભરત પરમાર, ધાનેરા)

# ઊંઝા મામલતદાર કચેરી ભ્રષ્ટાચારનું કેન્દ્ર

## કટકીબાજ અધિકારીઓ મોજમાં : પ્રજા પરેશાન

ઊંઝા, તા. ૧૬

ઊંઝા ખાતે આવેલ તાલુકા મામલતદાર કચેરીમાં છેલ્લા કેટલાક વખતથી ભ્રષ્ટાચારના મહારાક્ષસે માથું ઉંચક્યું હોવાની લોક ફરિયાદો ઉઠવા પામી છે.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઊંઝા મામલતદાર કચેરીની ઈધરા, પુરવઠા શાખા, મહેસૂલ શાખાઓમાં કામકાજ અર્થે આવતા નાગરિકો પાસેથી કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ વ્યાપકપણે કટકી કરતા હોવાનું સરેઆમ ચર્ચાય છે. ઈધરા, પુરવઠા તથા જમીન મહેસૂલને લગતા કામકાજમાં આ કેચરીના સરકારી બાબુઓને જ્યાં સુધી નૈવેધ ન ધરાવાય ત્યાં સુધી તેઓ રીઝતા નથી. અને નાગરિકોને ખોટી રીતે ધક્કા ખવડાવી કામમાં વિલંબ થાય તેવી કુટનીતિ અપનાવતા હોય છે. આ કચેરીમાં કામકાજ અર્થે આવતા લોકો પાસેથી ગેરકાયદે નાણાં માગવામાં સરકારી બાબુઓ લેશમાત્ર શરમ અનુભવતા નથી. અને જાણે એક શિરસ્તો હોય તેમ આ કચેરીમાં કામ મંજુર કરાવવા રૂપિયા માંગી લેવાય છે. આવા ભ્રષ્ટાચારના કિસ્સાના કેટલાયે લોકો ભોગ બન્યા છે. પરંતુ કોણ જાણે કેમ તેઓની મજબુરી અણઆવડત યા સક્ષમ ન હોવાથી ફરિયાદો થઈ શકતી નથી. પરિણામે ભ્રષ્ટાચારી તત્વોને ફાવટ આવી ગઈ છે. ભુતકાળમાં આ કચેરીમાં ફરજ બજાવતા એક સર્કલ ઓફીસર લાંચ લેતાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

આ કચેરીની જુદી જુદી શાખાઓમાં ગેરરીતિઓ થતી હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. આ અંગે ઉચ્ચકક્ષાએ ઝીણવટભરી તપાસ હાથ ધરાય તો ઘણી ચોંકાવનારી હકિકતો બહાર આવે તેમ છે. તેવું લોકોમાં બોલાય છે. કચેરીમાં કામકાજ અર્થે આવતા નાગરિકોને વ્યવસ્થિત યોગ્ય માર્ગદર્શન મળતુ નથી. ઉલ્ટાનું તોછડાઈભર્યું વર્તન કરીને હેરાન પરેશાન કરવાની પ્રવૃત્તિ કરાય છે.

આ કચેરીમાં મોટાભાગે ગરીબ વર્ગ, ખેડૂતવર્ગ અને જરૂરીયાત વાળા માણસો કામકાજ અર્થે આવે છે. જે પૈકી જેઓને કુદરતે થપાટ મારી છે તેવા માણસોને પણ આ કચેરીના બાબુઓ થપાટ મારવાનું ચુકતા નથી. જ્યારે રાજકારણીઓ, રાજકીય વગ ધરાવતા આર્થિક રીતે શક્તિશાળી તેમજ ગેરકાયદે વ્યવહારમાં સમજતા લોકોના કામો ઝડપથી થાય છે. કહે છે કે, આ કચેરીમાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓ અને કથિત એજન્ટોની ટોળકી સાથે મળી સંઘબળથી ભ્રષ્ટાચાર કરે છે. અને અંદરોઅંદર હોદ્દા પ્રમાણે ભાગ બટાઈ થતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

કહેછેકેક્ટેલાટ સ્ટેમ્પ વેન્ડરોઅને તેમના મળતીયા મામલતદાર કચેરીઅને આ કચેરી સંલગ્ન સબ રજીસ્ટ્રાર સ્ટેમ્પની કચેરીમાં વચેટીયા તરીકેની ભૂમિકા અદા કરી રહ્યા છે. આમ સબ રજીસ્ટ્રાર કચેરીમાં પણ ભ્રષ્ટાચાર ચાલી રહ્યાની લોક ફરિયાદો ઉઠી છે.

## દેરોલ ગામની સાબરમતી નદીના પટમાં પાણી માપવાના યંત્રની પ્લેટ ચોરાઈ

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના દેરોલ ગામની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીના પટ માં નદીનું પાણી માપવાની સેન્ટ્રલ વોટર કચેરી માં મશીન પર રાખવામાં આવેલ સોલાર પ્લેટ કીમત રૂ.૪ હજાર ની ચોરી ૧૪ દિવસ પહેલા રાત્રીના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમ ચોરી કરી ગયેલ જે અંગે સોમવારે હિમતનગર ગ્રામ્ય પોલીસ મથકે કચેરીના કાન્તીભાઈ સોમાભાઈ નાગરે ફરિયાદ નોધાવી હતી

## હિંમતનગરના બેરણા રોડ પરથી પાર્ક કરેલ ટ્રક ચોરાઈ

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર શહેર ના ગોકુલનગર વિસ્તારમાં બેરણા રોડ પર આવેલ નવદીપ સોસાયટી નજીક પાર્ક કરેલ ટ્રક ની ચોરી થતા રવિવારે હિમતનગર એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોધાઈ હતી


આ અંગેની વિગત એવી છે કે શહેરના ગોકુલનગર વિસ્તારમાં આવેલ બેરણા માર્ગ પર આવેલ નવદીપ સોસાયટી માં રહેતા મીતેશભાઈ મનુભાઈ શાહ ની ટ્રક ડમ્પર નંબર જીજે.૯.ઝેડ.૧૬૩૬ કીમત રૂ ૫ લાખની ઘર નજીક પાર્ક કરેલ જે શુક્રવારે રાત્રીના ચોરી થઈ ગયેલ જે અંગે રવિવારે સાંજે હિમતનગર એ-ડીવીઝન પોલીસ મથકે મીતેશભાઈ શાહે ફરિયાદ નોધાવી હતી.

# ચંદ્રાલા પાટીયા પાસે કારની ટક્કરે બાઈક સવારનું મોત

ગાંધીનગર, તા. ૧૬

ચિલોડા-હિંમતનગર માર્ગ પર ચંદ્રાલા પાસે માર્ગ ઓળંગી રહેલા બાઈક સવારને કારે અડફેટે લીધો હતો. આથી બાઈક સવારનું હોસ્પિટલમાં સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યું હતું. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ચંદ્રાલા ગામના પાટીયા પાસે ગામના બે યુવાનો બાઈક પર રોડ ક્રોસ કરી રહ્યા હતા. દરમિયાન પુરપાટ ઝડપે દોડી આવતી ટોયેટો કાર નં. જીજે-૧-કેએમ-૯૦૧૮ ના ચાલકે બાઈક નં. જીજે-૧૮-એકે-૩૪૪ને અડફેટે લેતા ચાલક રાજુજી ઠાકોર અને રમેશજી ઠાકોર (રહે. ચંદ્રાલા ગામ) બન્નેને શરીરે ઈજાઓ થતા સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન બાઈક સવાર રમેશ ઠાકોરનું કરૂણ મોત નિપજ્યું હતું. આ અકસ્માત અંગે જગાજી ઠાકોરે ફરિયાદ નોંધાવતા ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની વધુ તપાસ પી.એસ.આઈ. જે.બી. ચાવડા ચલાવી રહ્યા છે.



પ્રાંતિયાની સ્મૃતિ વિકાસ શાળામાં ચિત્ર સ્પર્ધા યોજાઈ જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામે આવેલ સ્મૃતિ વિકાસ શાળામાં માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોની ચિત્રસ્પર્ધા તેમજ સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી વિજયભાઈ પરમાર તથા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના એમ.એસ.ડબલ્યુના તાલીમાર્થીઓ સેજલબેન અને અન્નપૂર્ણાબેન પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં શાળાના માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## સર્વાઈકલ કેન્સર ડિટેકશન કીટ હવે વાપીમાં તૈયાર થશે

અમદાવાદ, તા.૧૬

રાજયમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ઉમરગામ તાલુકાના એકલેરા ખાતેની એસીયન એરોસોલ ઓન કંપનીના નવા પ્લાન્ટનું ઉદ્દ્ઘાટન કર્યું હતું. સાથે સાથે સર્વાઈકલ કેન્સર ડિટેકશન કીટનું વિતરણ, વલસાડ જિલ્લામાં થયેલા એમ.ઓ.યુ.ના ઈન્વેસ્ટરો માટે વલસાડ ઈન્ડસ્ટ્રીલ પોર્ટલ, આઈ-પોષણ,આઈ-પોષણ માટેની વેબસાઈડનું લોન્ચિંગ કરાયું હતું.

# હિંમતનગરમાં બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનો સમુહલગ્નોત્સવ યોજાયો

## ૩૧ દંપતિઓએ બેટી વધાવવાના શપથ સાથે પ્રભુતામાં પગલાં પાડ્યા : સમુહ યજ્ઞોપવિત સંસ્કાર યોજના જેમાં ૨૩ બટુકોએ જનોઈ ધારણ કરી : સમાજની વેબસાઈટ લોન્ચ કરાઈ

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠાના હિંમતનગર ખાતે બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનો ૨૪મો સમુહલગ્નોત્સવ કર્યા હતા. આ પ્રસંગે સમુહલગ્નના પ્રણેતા સ્વ. ચંદુભાઈ રામશંકર રાવલને સમાજ રત્નનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમના તપોધન બ્રાહ્મણ સમાજના ૨૪માં સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સમુહ લગ્નોત્સવમાં ૩૧ નવદંપતિઓએ



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

યોજાયો હતો. આ ઉપરાંત આ પ્રસંગે સમુહ ઉપનયન સંસ્કાર પણ યોજાયા હતા. જેમાં ૨૩ બટુકોએ જનોઈ ધારણ કરી હતી. સમુહ લગ્નોત્સવમાં ૩૧ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા તેમજ બેટીવધાવવાના શપથ ગ્રહણ પણ દાતા કમલેશભાઈ દવેના હસ્તે સમાજની વેબસાઈટ પણ લોન્ચ કરવામાં આવી હતી.

હિંમતનગરના મોડાસીયા કડવા પાટીદાર સમાજવાડી ખાતે તા. ૧૫મી ફેબ્રુઆરીએ શિવશક્તિ સેવા મંડળ દ્વારા બાવીસ ગામ પ્રભુતામાં પગલાં પાડવા સાથે દીકરીનો ગર્ભપાત નહી કરાવવાના શપથ લીધા હતા. આ ઉપરાંત સમુહ યજ્ઞોપવિત ઉપનયન સંસ્કારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૩ બટુકોએ પહેલીવાર જનોઈ ધારણ કરી હતી. આ ઉપરાંત આ પ્રસંગે સમાજની વેબસાઈટનું પણ લોન્ચીંગ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સમુહ લગ્નના સુકાની સ્વ. ચંદુભાઈ રામશંકર રાવલને સમાજ તથા શિવશક્તિ મંડળ દ્વારા મરણોત્તર સમાજરત્ન એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ સ્વીકારતી વખતે તેમના સગા સંબંધીઓ આવ્યા ત્યારે ભાવુ દશ્યો સર્જાયા હતા અને ઉપસ્થિત લોકો ખુશીના આંસુ રોકી શક્યા નહોતા. આ સમુહ લગ્નોત્સવ અને યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમ માટે હિંમતનગરના કમલેશભાઈ દવે પરિવાર મુખ્ય દાતા બન્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના ધોળેશ્વર મહાદેવના મહંત પૂ. રામસ્વરૂપપુરી મહારાજ, શિવશક્તિ સેવા મંડળ મુંબઈના ચેરમેન સુરેશભાઈ રાવલ, બ્રાહ્મ સમાજના કનુભાઈ રાવલ, મંત્રી મહેશભાઈ રાવલ તેમજ શિવશક્તિ મંડળ અને બાવીસી ગામ તપોધન સમાજના પદાધિકારીઓ અને કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન રવિશંકર રાવલ તથા યોગેશભાઈ રાવલ દ્વારા કરાયું હતું.

## શબ્દાવલી - ૫૬૪૫



### આડી ચાવી

૧. પાળનાર, પોષનાર (૩)
૩. મજાક, મશ્કરી (૪)
૪. ગોઠવણ, સુશોભન કળા (૪)
૭. રંગો (૩)
૮. કબ્જો લીધેલું (૨)
૯. તેલીબીયા (૨)
૧૧. ગરીબ, બિચારું (૨)
૧૨. ય... બાવાનોય (૨)
૧૪. શાંતિ, કુશળતા (૨)
૧૫. પાણી પીવાની ધર્માદાની જગા (૩)
૧૭. પહોંચવા (ગામઠી શબ્દ) (૩)
૧૮. શ્રીકૃષ્ણનું એક નામ (૪)
૧૯. હજામ, વાળંદ (૨)

### ઊભી ચાવી

૧. પવિત્ર કરનાર (૩)
૨. શરીરને સ્ફૂર્તિલુ રાખવા કરાતા દાવ (૪)
૩. સમીર, હવા (૩)
૪. અરજી (૨)
૫. પુરુ, ખતમ (૩)
૮. હઠ, જીદ (૨)
૧૦. નીચતા, તુચ્છતા (૩)
૧૨. કુબેર (૪)
૧૩. નાહવાનું પહોળું વાસણ(૨)
૧૪. ચેલો, શિષ્ય (૩)
૧૫. શરીરનો ચાલવાનો અવયવ (૨)
૧૬. ... થવું, વિદાય થવું (૩)

### શબ્દાવલી ૫૬૪૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) દબદબો (૪) ચોસલુ (૬) ફરાસ (૭) નાડ (૮) ભરમાર (૧૦) કવચ (૧૧) તલ (૧૨) જતિ (૧૪) સંકર (૧૫) તક (૧૬) ચણ (૧૭) વાદી (૧૮) વડ (૧૯) રોમ

**ઊભી ચાવી :-** (૧) દફનાવુ (૨) બરાડ (૩) દસ (૪) ચોસર (૫) લુહાર (૮) ભચડભચડ (૯) માવજત (૧૦) કલર (૧૧) તકવાદી (૧૩) તિકડમ

# નળ સરોવરમાં બે લાખથી વધુ પક્ષી મહેમાન બન્યા

## ચાલુ વર્ષમાં ચોમાસાની સિઝનમાં ત્રણ વાર નળસરોવર ઓવરફ્લો થયું છે : વિદેશી પ્રવાસીઓ પણ પહોંચ્યા છે

ગાંધીનગર, તા.૧૬

અમદાવાદથી ૬૫ કિલોમીટર દૂર આવેલા પ્રખ્યાત પક્ષી અભ્યારણ નળ સરોવરમાં આ વર્ષે ડિસેમ્બરથી ફેબ્રુઆરીના અંત સુધીમાં પ્રવાસી પક્ષીઓની સંખ્યા બે લાખથી વધુ નોંધાઈ ચુકી છે. નળસરોવરના સેચ્યુરીના કોરઝોન અને બફરઝોનમાં પ્રવેશ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પ્રાપ્ત આંકડા મુજબ ૫૦૦૦ રાજ્ય બહારના અને ૩૦૦ વિદેશીઓ સહિત એક લાખથી વધુ પ્રવાસીઓ નળ સરોવરના મહેમાન બન્યા છે.

નળસરોવર ઈન્ચાર્જ નાયબ વન સંરક્ષક એ.સી.પટેલે જણાવ્યું હતું કે વન વિભાગ દ્વારા રજીસ્ટર્ડ ૨૯૨ હોડીઓ દ્વારા પક્ષી પ્રેમીઓ માટે બોટીંગ અને સહેલાગાહની સુવિધા માટે વ્યકિતદીઠ બે કલાકના ૨૨૦ના દરે નળસરોવરનો નિયત થયેલ ટુરીઝન્મનો ધાબલાબેટનો ૨૫ ચોરસકીલોમીટરનો નિયત કરેલ વિસ્તારમાં સીઝન દરમિયાન એક લાખથી વધુ પક્ષીપ્રમેઓએ નળસરોવરની મુલાકાત લીધી છે તે પૈકી રાજય બહારનાં પાંચ હજાર અને ૩૦૦થી વધુ વિદેશી પ્રવાસીઓ નોંધાયા છે. નળસરોવરના મંજૂર થયેલ વર્ષ-૨૦૧૩-૧૪ થી ૨૦૨૧-૨૨ના મેનેજમેન્ટ પ્લાન હેઠળ હેબીટેટ મેનેજમેન્ટ ૩૦૦૦ ચો.કિ.મી.ની કેચમેન્ટ અરીયાના વિકાસકામો, પક્ષી પ્રોટેકશન યોજના, નેચર એજયુકેશન કેમ્પ સહિતના વિવિધ વિકાસ કાર્યો પણ હાથ ધર્યા છે.

## સંત સરોવર યોજના

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈલેક્ટ્રીકની મદદથી પણ ખોલી શકાશે. તેનું રિવર બેડ લેવલ ૪૯ મીટર છે. ટ્વીસ્ટ લેવલ (છલતી) ૫૦.૬૨ મીટર છે. તેમજ કુલ રિઝર્વ લેવલ ૫૯.૫૦ મીટર છે.

આ યોજનાથી ગાંધીનગરની પાદરે વહેતી સાબરમતી નદી રિચાર્જ થશે એટલુ જ નહિ શહેરની પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ મળશે. આ યોજનાની સાઈટને પ્રવાસીઓનું આકર્ષણ કેન્દ્ર બને તે રીતે આયોજન આગળ ધપી રહ્યાનું સિંચાઈ વિભાગના સૂત્રોનું કહેવું છે.

## રોડ સેફ્ટી માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જેમાં ચ-૩નુ વિશાળ સર્કલ સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા સુશોભિત કરવામાં આવ્યું છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ચ-૩ સર્કલનો ડાયામીટર ૪૦ મીટર જેટલો છે. આ સર્કલ પર રાત્રિના સમયે ભારે વાહનો પલ્ટી મારવાના અનેક કીસ્સાઓ અત્યાર સુધી પ્રકાશમાં આવ્યા છે. જ્યારે દિવસે પણ સર્કલોમાં વાહન ઘુસી જતા અકસ્માતો સર્જાતા ભયજનક સ્થિતિ ઉદ્ભવી છે. વાહનો પલ્ટી મારવાની ઓવર ટેપીંગની સમસ્યા નિવારવા તંત્ર દ્વારા અગાઉ ટેકનિકલ અભ્યાસ પણ હાથ ધરવામાં આવ્યો છે. જ્યારે સર્કલને ટ્રાફીકની દષ્ટિએ સલામત બનાવવા ૪૦માંથી ૩૬ ડાયામીટર સુધી નાનુ કરવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.



## મહાશિવરાત્રીએ કંદમૂળ શક્કરિયાની માંગ

ભગવાન સદાશિવ ભોળાનાથના પવિત્ર મહાશિવરાત્રી પર્વ નિમિત્તો પાલનપુરના શાકમાર્કેટ સહિત મોટા ભાગના જાહેર માર્ગો પર કંદમૂળ શક્કરિયા વેચતી લારીઓ જોવા મળી રહી છે. મહા શિવરાત્રીએ ઉપાસકો આ કંદમૂળ આરોગે છે જેના કારણે તેની માંગમાં વધારો થતા ભાવોમાં કિલોએ રૂ. ૧૦નો વધારો નોંધાયો છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## મહાશિવરાત્રી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વૈજનાથ મહાદેવ, સે. ૧૬ સોમનાથ મહાદેવ, સે. ૪ ઓમકારેશ્વર મહાદેવ, જલારામ મંદિર, વાસણિયા મહાદેવ, ધાળેશ્વર મહાદેવ તેમજ કોટેશ્વર મહાદેવ સહીતના શિવાલયોમાં શિવભક્તિનો અનોખો રંગ જોવા મળશે. નગરના શિવાલયો ઓમ નમઃ શિવાયના જયઘોષથી ગુંજી ઉઠશે.

શિવરાત્રીને અનુલક્ષી શિવમંદિરોમાં લઘુરૂદ્ર, મહાઆરતી, ભજન, શિવમહિમ્ન સ્રોત, ધૂન સહીતના વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શિવાલયોમાં સવારથી જ શિવલીંગને દૂધ અને જળનો અભિષેક કરવા ભાવિકોની ભીડ જામશે. જળાભિષેક અને બિલીપત્ર અર્પણ કરવાથી પાપોનો નાશ થયો હોવાથી ભોળાનાથની કૃપાદષ્ટિ મેળવવા ભાવિકો વિશેષરૂપે શિવપૂજા કરશે. શિવરાત્રીની ઉજવણી અન્વયે સે. ૩-ડી રામેશ્વર મહાદેવ મંદિરમાં અમરનાથ દાદાના દર્શનની ઝાંખી કરાવવા બરફનુ શિવલીંગ બનાવાયું છે. સે. ૬માં શિવકથા દરમિયાન શિવરાત્રીના રોજ શિવપ્રાગટ્ય મહોત્સવ ઉજવાશે.

બમ બમ ભોલેના જયઘોષ સાથે શિવાલયોમાં ભાવિકોને ભાંગનો પ્રસાદ પીરસવામાં આવશે. શિવરાત્રી દરમિયાન નગરના શિવમંદિરોને પણ વિશેષ રીતે શણગારવામાં આવશે. મંદિરો પર રંગબેરંગી રોશનીનો ઉજાશ જોવા મળશે. ધોળેશ્વર મહાદેવ મંદિરમાં પણ ભગવાન શિવની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવશે. સે. ૧૬ સોમનાથ મહાદેવ મંદિરમાં પણ શિવરાત્રી નિમિત્તે ભજન, મહાઆરતી સાથે શિવજીની પૂજા અર્ચના થશે. સે. ૨-બીમાં ચંદ્રમૌલેશ્વર મહાદેવમાં સવારે લઘુરૂદ્ર, હોમાત્મ શિવજ્ઞ તેમજ ભજનનો કાર્યક્રમ યોજાશે. સે. ૨૨ પંચદેવ મંદિર પાસે શિવરાત્રી નિમિત્તે પરંપરાગત મેળો યોજવામાં આવશે.

**ગુજરાત મેરીટાઈમ બોર્ડ**

**જાહેર નિવિદા વર્ષ : ૨૦૧૪-૧૫ (બીજો પ્રયત્ન)**

ચેરમેનશ્રી ગુજરાત મેરીટાઈમ બોર્ડ વતી ચીફ જનરલ મેનેજર, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, સેક્ટર-૧૦એ, છ-રોડ, એરફોર્સ સ્ટેશન સામે, ગાંધીનગર-૩૮૨૦૧૦ 'Desktop Virtualization Solution in GMB (DVSG)',ના પાંચ વર્ષના મરામત / વોરંટી સહિતના સંગઠિત કામના સંદર્ભમાં સંબંધિત અગ્રણી, નામાંકિત, વ્યવસાયિક અને અનુભવી કંપનીઓ પાસેથી 'ઓનલાઈન ટેન્ડર' માટે આમંત્રણ પાઠવે છે.

| | |
|---|---|
| ટેન્ડર ડોક્યુમેન્ટ નીચે જણાવેલ વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવાના રહેશે. http://gmb.nprocure.com, www.gmbport.org | તારીખ : ૧૬/૨/૨૦૧૫થી તારીખ : ૨/૩/૨૦૧૫ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી (રીફંડપાત્ર નથી)ની રકમ રાષ્ટ્રીયકૃત / શિડ્યુલ બેંક મારફત ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા બેન્કર્સ ચેકના સ્વરૂપમાં 'ગુજરાત મેરીટાઈમ બોર્ડ'ની (ગાંધીનગર ખાતે ચુકવવા પાત્ર) તરફેણમાં સીલબંધ કવરમાં રજીસ્ટર્ડ એ.ડી./સ્પીડ પોસ્ટથી ગુજરાત મેરીટાઈમ બોર્ડને રજૂ કરવાની રહેશે. | રૂ. ૫,૦૦૦/- તારીખ : ૪/૩/૨૦૧૫ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ઈ.એમ.ડી.ની રકમ રાષ્ટ્રીયકૃત / શિડ્યુલ બેંક મારફત ડીમાન્ડ ડ્રાફ્ટ અથના બેન્કર્સ ચેકના સ્વરૂપમાં 'ગુજરાત મેરીટાઈમ બોર્ડ'ની (ગાંધીનગર ખાતે ચુકવવા પાત્ર) તરફેણમાં સીલબંધ કવરમાં રજીસ્ટર્ડ એ.ડી./સ્પીડ પોસ્ટથી ગુજરાત મેરીટાઈમ બોર્ડને રજૂ કરવાની રહેશે. | રૂ. ૨,૦૦,૦૦૦/- તારીખ : ૪/૩/૨૦૧૫ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર સંબંધિત કોઈપણ પૂછપરછ (Pre-Bid Queries) નીચે દર્શાવેલ ઈમેઈલ એડ્રેસ પર કરવી. • cgm-gmb@gujarat.gov.in • k.vithlani@gmbports.in • smgnr-gmb@gujarat.gov.in • nirav.doshi@gmbports.in | તારીખ : ૨૩/૨/૨૦૧૫ના રોજ. ૧૮.૦૦ કલાક સુધી |
| ઓનલાઈન ટેન્ડર ભરવાની કરવાની છેલ્લી તારીક | તારીખ : ૨/૩/૨૦૧૫ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ઓનલાઈન તાંત્રિક બીડ ખોલવાનો સમય અને તારીખ | તારીખ : ૫/૩/૨૦૧૫ના રોજ ૧૪.૩૦ કલાકે |

વધુ વિગત માટે આઈ.ટી. સેલ, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એરફોર્સ સ્ટેશન સામે, સેક્ટર-૧૦એ, ગાંધીનગર -૩૦૨૦૧૦, ફોન નંબર : ૨૩૨૩૮૩૪૬/૪૭/૪૮નો સંપર્ક કરવા વિનંતી છે. અથવા જુઓ http://www.gmbports.org

માહિતી/૨૪૨૭/૨૦૧૪-૧૫